सत्यमेव जयते
ગુજરાત સરકાર

**2021**

# તાલીમ કાર્યક્રમ અહેવાલ




**આદિવાસી સંશોધન સંસ્થા,**

**ગુજરાત**

વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA
મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દાના કાર્યક્રમ
Chief Minister's 10-Point Programme

सत्यमेव जयते
ગુજરાત સરકાર

आज़ादी का अमृत महोत्सव

# Tribal Research Institute, Gujarat

## બિરસા મુંડા ભવન, ગાંધીનગર

**દ્વારા આયોજિત**

**"પરંપરાગત આદિવાસી વનૌષધિય ચિકિત્સા પદ્ધત્તિને પ્રોત્સાહન પ્રોજેક્ટ"**

**અંતર્ગત**

# ‘‘પરંપરાગત આદિવાસી વૈદ્ય–ભગતોને તાલીમ’’

**તારીખ : ૨૨ – ૧૦ – ૨૦૨૧**

**: માર્ગદર્શક :**

ડૉ. દેવચંદ વહોનિયા, ક્ષેત્ર મદદનીશ

**: પ્રોજેક્ટ સંચાલક :**
**: તાલીમ સંકલનકર્તા :**

શ્રી ભરતસિંહ ગોહિલ, પ્રોજેક્ટ ઓફિસર

**: સહયોગી :**

| | | |
|---|---|---|
| શ્રી રાજેશ પારગી | શ્રી પંકજ મહાડિક | શ્રી અભિષેક દંતાણી |
| સુપરવાઇઝર | લાઇબ્રેરીયન | ઓફિસ આસિસ્ટન્ટ |

## ✚ પ્રસ્તાવના :-

ગુજરાતની પૂર્વ પટ્ટીમા ૧૪ આદિજાતિ જિલ્લાઓ અંતર્ગત કુલ ૫૩ તાલુકાઓના તમામ વિસ્તાર આદિજાતિ વિસ્તાર તરીકે ઓળખાય છે. આ સંપૂર્ણ આદિજાતિ વિસ્તાર કુદરતી સંસાધનોથી સંપન્ન છે. ગાઢ જંગલો, ખળ-ખળ વહેતી નદીઓ, લીલા છમ પહાડો, ઘાસના મેદાનો જેમાં મુખ્ય દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વિશેષ જંગલો આવેલા છે. આ ગાઢ જંગલોમાં પુષ્કળ પ્રમાણમાં વિવિધ વનસ્પતિઓ, ફળ-ફુલ, કદાવર વૃક્ષો અને કંદ મૂળ આવેલા છે જે પૈકીના ઘણા વૃક્ષોના પાન, તેના કંદ-મૂળ, વેલા, છાલ વિગેરેનો ઉપયોગ ઔષધિ તરીકે થાય છે. આ તમામ વનૌષધિઓનો ઉપયોગ આદિવાસીઓ પરંપરાગત રીતે કરતા આવ્યા છે તેમજ પ્રવર્તમાન બિમારીઓના ઇલાજમાં પણ કરે છે. આદિજાતિ વિસ્તારમાં વસતા લોકોના જીવનમાં આ વનૌષધિઓનુ ખુબ મહત્વ છે. પરંપરાગત રીતે આદિવાસી લોકો વનૌષધિઓ પર નિર્ભર રહેતા આવ્યા છે અને આદિવાસીઓની પારંપારિક વનૌષધિય આધારિત ચિકિત્સા પધ્ધતિ થી તેઓ પોતાનો ઇલાજ કરતા આવ્યા છે. આદિજાતિ વિસ્તારમાં આ વનૌષધિઓના જાણકાર અને તેનો ઉપયોગ કરીને લોકોનો ઇલાજ કરનાર વૈદ્યોને ભગતો તરીકે ઓળખવામાં આવે છે જેઓ પ્રાચીનકાળથી પરંપરાગત ચિકિત્સા પ્રણાલીના જાણકાર છે તેના દ્વારા લોકોને સારવાર આપતા આવ્યા છે. આ અંગે કોઇ લેખિત પુરાવા કે સાહિત્ય ઉપલબ્ધ નથી તેમ છતા અનુભવો સંકલિત કરી મેળવેલ જ્ઞાન હાલ સુધી ચાલતુ આવ્યુ છે.

## ✚ પૂર્વ ભૂમિકા :

આદિવાસીઓની જીવન પધ્ધતિ ઘણા અંશે પ્રાકૃતિક છે, આધુનિક જમાનાની દોડમાં ક્યાંક-ક્યાંક તેમાં રૂકાવટ જરૂર આવી છે, પરંતુ આદિવાસીઓના સમગ્ર જીવનચક્રમાં પ્રાકૃતિક પાસાઓ ઘણા અંશે વણાયેલા છે, વર્ષોથી જંગલોમાં વસવાટ કરનારા આદિવાસીઓની ખાન-પાનની ચીજ વસ્તુઓ, ઔષધિઓ તથા અન્ય મોટાભાગની આવશ્યક વસ્તુઓ તેઓ જંગલમાંથી મેળવીને પોતાનું જીવન જીવતા હતા, તેથી જંગલ ઔષધિઓનું જ્ઞાન તેઓમાં પરંપરાથી ચાલ્યુ આવે છે અને તે જ્ઞાનના આધારે તેઓ પોતાના દુઃખ, દર્દ મટાડતા આવ્યા છે, પરંતુ છેલ્લા કેટલાક દશકાઓથી સમગ્ર દેશ, દુનિયામાં આધુનિક વિકાસની હરણફાળમાં આ પારંપારિક રીતે, અનુભવથી સિદ્ધ થયેલ જ્ઞાન ક્યાંક-ક્યાંક આદિવાસીઓમાં પણ વિસરાતુ જાય છે, સાથે-સાથે આવું જ્ઞાન ધરાવતા આદિવાસી વૈદ્ય-ભગતોની સંખ્યા પણ ધીરે-ધીરે ઓછી થતી જાય છે, અને આવા વૈદ્ય-ભગતો પૈકી મોટા ભાગના વૈદ્ય-ભગતોમાં અક્ષરજ્ઞાન ન હોવાના કારણે આવું જ્ઞાન લેખિત સ્વરૂપમાં તૈયાર ન થવાથી ધીરે-ધીરે તે લુપ્ત થતુ જાય છે, તેથી આવા પારંપારિક વૈદકિય ચિકિત્સા પધ્ધતિને પ્રોત્સાહિત કરવી આવશ્યક છે, કારણ કે તે વનસ્પતિ આધારિત ચિકિત્સા પધ્ધતિ છે, જે પ્રવર્તમાન સમયમાં સમગ્ર દુનિયા માટે મહત્વની સાબિત થઈ રહી છે ત્યારે પરંપરાથી આદિવાસી વિસ્તારોમાં આદિવાસી વૈદ્ય-ભગતો પાસે તેનું જ્ઞાન, જાણકારી, વાપરવાની રીત વિગેરે હજી પણ અકબંધ છે તેના આધારે આ વૈદ્ય-ભગતો આદિવાસી લોકોની સેવા કરી રહ્યા છે, અને આ પારંપારિક વૈદકિય સેવામાં આદિવાસીઓને વિશ્વાસ છે, આ બાબતને ધ્યાનમાં રાખીને ‘‘આદિવાસી વૈદ્ય-ભગતો દ્વારા પરંપરાગત ચિકિત્સા પધ્ધતિ’’ ને પ્રોત્સાહિત કરવા તથા સમગ્ર રાજ્ય, દેશમાં આ વનૌષધિય જ્ઞાનનો પ્રચાર-પ્રસાર થાય તે જરુરી છે.

આદિજાતિ વિસ્તારમાં ઉપલબ્ધ આ પરંપરાગત આદિવાસી વનૌષધિ અને ચિકિત્સા કળાને ઉજાગર કરી જન–સામાન્ય સુધી પહોચાડવી ખુબ જરુરી છે જેથી મોટા પ્રમાણમાં લોકોને એનો લાભ મળે અને વૈદ્ય–ભગતોને રોજગારી મળે. આ ઉદ્દેશ્યને ધ્યાનમા રાખીને આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદવાદ દ્વારા તા.૧૪–૧૧–૨૦૧૯ થી તા.૧૮–૧૧–૨૦૧૯, અમદાવાદ હાટ, વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે પરંપરાગત આદિવાસી વનૌષધિય પ્રદર્શન અને વેચાણ મેળાનું આયોજન કરવામાં આવેલ હતુ. આ મેળામાં કુલ–૮૧ સ્ટોલ લગાવવામાં આવ્યા હતાં, અને ૧૩૩ સ્ટોલ ધારકો હતા. આ તમામ વૈદ્ય–ભગતો (પરંપરાગત વનૌષધિના જાણકાર લોકો) મુળ ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાંથી આવેલા. જેને આ મેળાની સહયોગી સંસ્થા "શ્રી પછાત મહિલા વિકાસ મંડળ" દ્વારા લાવવામાં આવેલ. આ મેળામાં પાંચ દિવસ દરમ્યાન બહોળી સંખ્યામાં લોકોએ ભાગ લીધો અને મેળામા મળતી તમામ સેવાઓનો ભરપૂર લાભ લીધો. મુલાકાતીઓએ આ મેળાને લઇને સારા પ્રતિભાવો આપ્યા હતા અને આવા મેળા નિયમિત પણે કરવા માટેનો આગ્રહ વ્યક્ત કર્યો હતો. આશરે ૮૦૦૦ થી પણ વધુ લોકોએ આ મેળાની મુલાકાત લીધી તે પૈકી ૧૦૦૦ થી પણ વધુ લોકોએ મેળામાં મળતી વિશેષ સુવિધા–સારવાર લીધી. આમ આ મેળામાં કુલ ૧૨.૦૦ લાખ કરમાં પણ વધુનુ વેંચાણ થયુ. આમ આ મેળો સફળ રહ્યો.

**માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ અને આદિજાતિ વિકાસ વિભાગના પદાધિકારીઓ દ્વારા આ કાર્યક્રમને લઇને કરવામાં આવેલ સૂચનો :**

આ મેળાના માધ્યમથી લોકોના મળેલ પ્રતિસાદને ધ્યાનમાં રાખીને સરકારશ્રી દ્વારા પરંપરાગત આદિવાસી વૈદ્ય–ભગતોના જ્ઞાનનો પ્રચાર–પ્રસારની સાથે સાથે આવનાર ભવિષ્યમાં તેઓ આ કામ વધુ અનુકૂળ રીતે કરી શકે, આદિવાસી વિસ્તારો સિવાયના વિસ્તારોમાં પણ તેનો ઉપયોગ થાય તેવી અનુકૂળતા કરવા રાજય સરકાર તત્પર છે. આ મેળાના ઉદ્ઘાટન કાર્યક્રમ તેમજ મેળા પત્યા બાદ માન. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ દ્વારા સૂચન કરવામાં આવેલ કે, આવા મેળાઓનુ આયોજન વધુ કરવામાં આવે તેમજ વૈદ્ય–ભગતોને જરુરી તમામ સાધન–સહાય પૂરી પાડવામાં આવે અને આ કાર્યક્રમ અંગેની તમામ બાબતોને સાંકળીને એક યોજના બનાવી આદિજાતિ વૈદ્ય–ભગતોને કાયમી રોજગારી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવી તેમ જણાવેલ. આ અંગે માન. સચિવશ્રી, આ.વિ.વિ. દ્વારા આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને આના માટે એક નાણાંકીય દરખાસ્ત બનાવવા સૂચના આપેલ તેમજ ભવિષ્યમાં આ કાર્યક્રમને મોટા પાયે સરસ આયોજન સાથે કરવામાં આવે જેથી આ યોજનાનુ સાનુકુળ રીતે અમલીકરણ થઇ શકે તેમ સૂચવેલ. માન. કમિશ્નરશ્રી, આ.વિ. દ્વારા આ અંગે ઉત્સુક્તા સાથે જણાવેલ કે ભવિષ્યમાં આ કાર્યક્રમને ધ્યાનમાં રાખીને આયુષના તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવે અને એક સંકલિત બેઠકનુ આયોજન કરવામાં આવે, આયુર્વેદ વિભાગ સાથે સંકલન કરીને તમામ વૈદ્ય–ભગતોનુ રજીસ્ટ્રેશન કરાવામાં આવશે અને રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવે તે દિશામાં કામ આગળ વધારવાની જરૂર છે. આમ પરંપરાગત વનૌષધિય અને ચિકિત્સા પદ્ધતિ દ્વારા વૈદ્ય–ભગતોને રોજગારીના નવા આયામો સુધી પહોચાડવા માટે આ કાર્યક્રમને યોજનામાં તબદીલ કરવામા આવે તો એમને વધુ લાભ થાય એમ છે. જેથી આ અંગેની યોજના તૈયાર કરવા અર્થે જણાવેલ. તે મુજબ આ દરખાસ્ત તૈયાર કરવામાં આવેલ છે.

## યોજના વિશે :

આ યોજના અંતર્ગત અત્રેની કચેરી ખાતે ઉપલબ્ધ **કુલ ૧૦૦ વૈદ્ય–ભગતોને** તેમની ચિકિત્સા પ્રણાલીને વિકસાવવા માટે, તેના પ્રદર્શન અને વેંચાણ, તેની માર્કેટીંગ વ્યવસ્થા ઉભી કરવા માટે વિવિધ સ્તરે તાલીમ આપવામાં આવશે, જેમા આ અંગેની જાણકારી ધરાવતા તજજ્ઞોને બોલાવવામાં આવશે**,** આયુષના તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવશે, આયુર્વેદ વિભાગ સાથે સંકલન કરીને તમામ વૈદ્ય–ભગતોનુ રજીસ્ટ્રેશન કરાવામાં આવશે અને રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવશે. આ ઉપરાંત વર્ષમા ૧ પરંપરાગત આદિવાસી વનૌષધિય પ્રદર્શન અને વેંચાણ મેળાનુ આયોજન કરવામાં આવશે. તાલીમ અને મેળાઓના આયોજન આમ આ ૨ મુખ્ય ઘટકોનુ અમલીકરણ કર્યા બાદ સાધન–સહાયનુ વિતરણ કરવામાં આવશે અને ત્યાર બાદ આ અંગેના અહેવાલોના આધારે મૂલ્યાંકન હાથ ધરવામાં આવશે જેથી એ વાતનો અંદાજો આવે કે આ યોજનાના અમલીકરણ થકી વનૌષધિના પ્રદર્શન અને વેંચાણ તેમજ વૈદ્ય–ભગતોની ચિકિત્સા પ્રણાલીના વિકાસ અને મળેલ રોજગારીથી તેઓની આજીવિકા અને આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયેલ છે.




# કાર્યક્રમ રૂપરેખા

| ક્રમ | તારીખ | સમય | કાર્યક્રમ | સંચાલન |
|---|---|---|---|---|
| ૧ | ૨૨–૧૦–૨૦૨૧ | ૦૮.૦૦ થી ૦૯.૦૦ | ચા/ નાસ્તો | - |
| ૨ | | ૦૯.૦૦ થી ૦૯.૩૦ | રજીસ્ટ્રેશન | શ્રી રાજેશ પારગી, સુપરવાઇઝર, TRI, Gujarat<br>શ્રી પંકજ મહાડીક, લાઇબ્રેરીયન, TRI, Gujarat |
| ૩ | | ૦૯.૩૦ થી ૦૯.૪૫ | સ્વાગત/પરિચય | શ્રી ભરતસિંહ ગોહિલ, પ્રોજેક્ટ ઓફિસર, TRI, Gujarat |
| ૪ | | ૦૯.૪૫ થી ૧૦.૦૦ | કાર્યક્રમ ઉદ્ઘાટન : શાબ્દિક | હસ્તેઃ ડૉ. મહેશભાઇ ગામીત, અધ્યક્ષ, સમાજમાનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૫ | | ૧૦.૦૦ થી ૧૦.૧૫ | TRI, કાર્યક્રમનો પરિચય, હેતુ | ડૉ. દેવચંદ વહોનિયા, ક્ષેત્ર મદદનિશ, TRI, Gujarat |
| ૬ | | ૧૦.૧૫ થી ૧૦.૩૦ | તાલીમ કાર્યક્રમ વિષયક ઉદ્બોધન અને અધ્યક્ષીય પ્રવચન | ડૉ. મહેશભાઇ ગામીત, અધ્યક્ષ, સમાજમાનવશાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ |
| ૭ | | ૧૦.૩૦ થી ૧૦.૪૫ | આભાર વિધિ | શ્રી ભરતસિંહ ગોહિલ, પ્રોજેક્ટ ઓફિસર, TRI, Gujarat |
| ૮ | | ૧૦.૪૫ થી ૧૧.૦૦ | વક્તા પરિચય | શ્રી ભરતસિંહ ગોહિલ, પ્રોજેક્ટ ઓફિસર, TRI, Gujarat |
| ૯ | | ૧૧.૦૦ થી ૧૧.૩૦ | વિષય–૧ : વનૌષધિય ચિકિત્સા પદ્ધતિ | શ્રી અરૂણભાઇ પટેલ, રિટાયર્ડ રિસર્ચ ઓફિસર, TRI, Gujarat |
| ૧૦ | | ૧૧.૩૦ થી ૧૧.૪૫ | વક્તા પરિચય | શ્રી ભરતસિંહ ગોહિલ, પ્રોજેક્ટ ઓફિસર, TRI, Gujarat |
| ૧૧ | | ૧૧.૪૫ થી ૧૨.૧૫ | વિષય–૨ : વનૌષધિની ઓળખ, ઉપલબ્ધતા અને ઉપયોગ | ડૉ. એમ. બી. રાઠોડ, રિટાયર્ડ સબ ડી.એફ.ઓ. |
| ૧૨ | | ૧૨.૧૫ થી ૧૨.૩૦ | વક્તા પરિચય | શ્રી ભરતસિંહ ગોહિલ, પ્રોજેક્ટ ઓફિસર, TRI, Gujarat |
| ૧૩ | | ૧૨.૩૦ થી ૦૧.૦૦ | વિષય–૩ : વનૌષધિઓની વૈજ્ઞાનિક સમજ | શ્રી જશવંતસિંહ રાઠોડ, રિટાયર્ડ રિસર્ચ ઓફિસર, TRI, Gujarat |
| ૧૪ | | ૦૧.૦૦ થી ૦૨.૦૦ | ભોજન | – |
| ૧૫ | | ૦૨.૦૦ થી ૦૩.૦૦ | પરિચય | ડૉ. દેવચંદ વહોનિયા, ક્ષેત્ર મદદનિશ, TRI, Gujarat |
| ૧૬ | | ૦૩.૦૦ થી ૦૪.૦૦ | વ્યક્તિગત ઈન્ટરવ્યુ અને અનુભવ | શ્રી જશવંતસિંહ રાઠોડ, રિટાયર્ડ રિસર્ચ ઓફિસર, TRI, Gujarat |
| ૧૭ | | ૦૪.૦૦ થી ૦૪.૩૦ | પૂર્ણાહૂતિ કાર્યક્રમ | શ્રી ભરતસિંહ ગોહિલ, પ્રોજેક્ટ ઓફિસર, TRI, Gujarat |

# રજીસ્ટ્રેશન

આદિવાસી સંશોધન સંસ્થા, ગુજરાત દ્વારા આયોજિત પરંપરાગત આદિવાસી વનૌષધિય ચિકિત્સા પદ્ધત્તિને પ્રોત્સાહન પ્રોજેક્ટ અંતર્ગત એક દિવસીય "પરંપરાગત આદિવાસી વૈદ્ય–ભગતોને તાલીમ" કાર્યક્રમમાં સૌપ્રથમ હાજર તમામ તાલીમાર્થીઓનુ રજીસ્ટ્રેશન કરવામા આવ્યુ.

- તા. ૨૨/૧૦/૨૦૨૧ ના રોજ સવારે ૯:૩૦ થી હાજર તાલીમાર્થીઓનુ રજીસ્ટ્રેશન શરુ કરવામા આવ્યુ હતુ.
- રજીસ્ટ્રેશનની પ્રક્રિયાના ભાગરૂપે રજીસ્ટ્રેશન ફોર્મ આપી વિગતો ભરવામાં આવેલ. જેમાં નામ–સરનામાની સાથે–સાથે વનૌષધિય ચિકિત્સા પદ્ધત્તિ સાથે સંકળાયા અંગેની વિગતો એકત્ર કરવામાં આવી.
- હાજરી પત્રકમાં તમામ હાજર તાલીમાર્થીઓની સહી લેવામાં આવી.


Tribal Research Institute, Gujarat
બિરસા મુંડા ભવન, ગાંધીનગર
દ્વારા આયોજિત
પરંપરાગત આદિવાસી વનૌષધિય ચિકિત્સા પદ્ધત્તિને પ્રોત્સાહન પ્રોજેક્ટ
અંતર્ગત
"પરંપરાગત આદિવાસી વૈદ્ય–ભગતોને તાલીમ"

રજિસ્ટ્રેશન ફોર્મ

(૧) નામ : ..........................................................................

(૨) સરનામુ : ......................................................................

(૩) મોબાઈલ નંબર : ......................... (વોટ્સપ નંબર આપવો)

(૪) ઈ–મેઈલ આઇડી:...............................................................

(૫) અભ્યાસ : .........................................................................

(૬) કઇ/કેવા પ્રકારની ચિકિત્સા પદ્ધત્તિ સાથે સંકળાયેલ છો ? ..............................

(૭) કેટલા વર્ષોથી ચિકિત્સા પદ્ધત્તિ સાથે સંકળાયેલ છો ? ....................................

તારીખ :

સહિ :

Scanned with CamScanner



**તાલીમ કાર્યક્રમમાં હાજર તાલીર્થીઓનુ રજીસ્ટ્રેશન કરતા શ્રી રાજેશભાઇ પારગી, સુપરવાઇઝર અને શ્રી પંકજભાઇ મહાડિક, લાઇબ્રેરીયન**

## ઉદ્દઘાટન કાર્યક્રમ

આદિવાસી સંશોધન સંસ્થા, ગુજરાત દ્વારા આયોજિત પરંપરાગત આદિવાસી વનૌષધિય ચિકિત્સા પદ્ધત્તિને પ્રોત્સાહન પ્રોજેક્ટ અંતર્ગતને એક દિવસીય “પરંપરાગત આદિવાસી વૈદ્ય–ભગતોને તાલીમ” કાર્યક્રમના ઉદ્દઘાટન કાર્યક્રમની શુભ શરુઆત શાબ્દિક વચનો દ્વારા તાલીમ કાર્યક્રમના સંચાલક શ્રી ભરતસિંહ ગોહિલ દ્વારા કરવામા આવી.




તાલીમ કાર્યક્રમમાં ઉદ્દઘાટન કાર્યક્રમના અધ્યક્ષ માન. ડૉ. મહેશભાઇ ગામીત, અધ્યક્ષ, સમાજમાનવશાસ્ત્રિય વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, તજજ્ઞ શ્રી અરૂણભાઇ પટેલ– રિટ. સંશોધન અધિકારી, શ્રી એમ. બી. રાઠોડ –રિટ. સબ ડી.એફ.ઓ., શ્રી જશવંતસિંહ રાઠોડ– રિટ. સંશોધન અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.



**તાલીમ કાર્યક્રમના ઉદ્દઘાટન કાર્યક્રમમાં હાજર મંચસ્થ મહનુભાવો અને તાલીમાર્થીઓ**

## સ્વાગત

તાલીમ કાર્યક્રમના ઉદ્ઘાટનના ભાગરૂપે મંચસ્થ મહાનુભાવોનું સ્વાગત–પરિચય પુષ્પગુચ્છથી કરવામાં આવ્યુ. જેમાં સૌ પ્રથમ ઉદ્ઘાટન કાર્યક્રમના અધ્યક્ષશ્રી ડૉ. મહેશભાઇ ગામીત સાહેબશ્રી નુ સ્વાગત TRI, Gujarat ના અધિકારીશ્રી ડૉ. દેવચંદ વહોનિયા દ્વારા કરવામાં આવ્યું. ત્યાર બાદ તજજ્ઞ શ્રી અરૂણભાઈ પટેલ સાહેબશ્રીનુ સ્વાગત TRI, Gujarat ના સુપરવાઈઝર શ્રી રાજેશભાઈ પારગી દ્વારા કરવામાં આવ્યુ. ત્યાર બાદ તજજ્ઞ શ્રી જશવંતસિંહ રાઠોડ સાહેબશ્રીનુ સ્વાગત TRI, Gujarat ના લાઈબ્રેરીયન શ્રી પંકજભાઈ મહાડિક દ્વારા કરવામાં આવ્યુ. ત્યાર બાદ તજજ્ઞ શ્રી એમ. બી. રાઠોડ સાહેબશ્રીનુ સ્વાગત TRI, Gujarat ના ઓફિસ આસિસ્ટન્ટ શ્રી અભિષેક દંતાણી દ્વારા કરવામાં આવ્યુ.










**મંચસ્થ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરતા TRI, Gujarat ના અધિકારી/ કર્મચારીગણ**

# કાર્યક્રમનો પરિચય

ડૉ. દેવચંદ વહોનિયા દ્વારા આદિવાસી સંશોધન સંસ્થા, ગુજરાત અંગેનો પરિચય આપતા જણાવ્યું કે, આ સંસ્થાનની સ્થાપના ૧૯૬૨ માં રાજ્યના આદિવાસી સંબંધી અભ્યાસો માટે કરવામાં આવેલ. ૧૯૬૨ થી વિવિધ વિષયો સંશોધન અભ્યાસો હાથ ધરી રાજ્યમાં વસતા આદિવાસી સમાજને ઓળખવાની કામગીરી આ સંસ્થાન દ્વારા કરવામાં આવેલ છે. સંશોધનની સાથે–સાથે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અમલીકૃત યોજનાઓ અંગેની તાલીમો જેવી કે એફ.આર.એ., પેસા એક્ટ, સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ યોજવામાં આવે છે.

ડૉ. દેવચંદ વહોનિયા દ્વારા આ તાલીમ કાર્યક્રમના હેતુ વિશે વાત કરતા જણાવ્યુ કે, આ સંસ્થા દ્વારા ૨૦૧૭ થી પરંપરાગત આદિવાસી હસ્તકલા–કૃતિ પ્રદર્શન અને વેંચાણ મેળાઓનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેની સાથે ૨૦૧૯ માં સૌપ્રથમ વાર પરંપરાગત આદિવાસી વનૌષધિય પ્રદર્શન અને વેંચાણ મેળાનુ આયોજન કરવામા આવ્યુ. જેમાં ખુબ સારો પ્રતિસાદ મળતા માન. મંત્રીશ્રી આ.વિ. ના સૂચનથી એક યોજના તૈયાર કરવામાં આવી. જેમાં તાલીમ, સેમિનાર, મેળો અને સાધન સહાય આપવાની જોગવાઇ રાખવામાં આવેલ છે. વધુમાં આ યોજના અને તાલીમ થકી વધુમાં–વધુ આદિવાસી વૈદ્ય–ભગતોનું રજીસ્ટ્રેશન કરાવી પાકા લાઇસન્સ અપાવી કાયમી ધોરણે સ્થાનિક સ્તરે પોતાનુ દવાખાનુ ચલાવી શકે. જેમાં જરૂરી તમામ પ્રકારની સુવિધા અને સહાય આદિવાસી સંશોધન સંસ્થા, ગુજરાત દ્વારા પુરુ પાડવામાં આવશે. આમ આપણે સૌ સાથે મળી રાજ્યની પરંપરાગત આદિવાસી વનૌષધિય ચિકિત્સા પદ્ધત્તિને પ્રોત્સાહન અંગેના આ પ્રોજેક્ટને સફળ બનાવીશુ.




**આદિવાસી સંશોધન સંસ્થા, ગુજરાતનો પરિચય અને તાલીમ કાર્યક્રમના હેતુ અંગે જાણકારી આપતા ડૉ. દેવચંદ વહોનિયા, TRI, Gujarat**

## અધ્યક્ષીય ઉદ્દબોધન

ઉદ્દઘાટન કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. મહેશભાઇ ગામીત દ્વારા અધ્યક્ષીય ઉદ્દબોધન કરતા સમગ્ર પ્રોજેક્ટને આવરી લેતા રાજ્યના આદિજાતિ પટ્ટા એટલે કે ડિસાથી લઈને ડાંગ સુધીના પ્રદેશમાં ઉપલબ્ધ પરંપરાગત આદિવાસી વનૌષધિઓના નામો સાથે તે ક્યા વિસ્તારમાં મળે છે. તેનો ઉપયોગ શું છે અને આવનારા સમયમાં તેનાથી શુ લાભો થઈ શકે તેના વિશે વિશેષ માહિતી આપી.

તેમણે જણાવ્યુ કે, દક્ષિણ ગુજરાતના આદિજાતિ જિલ્લાઓ જેમાં ડાંગ, વલસાડ અને નવસારી નો સમાવેશ થાય છે, તે લીલી વનસ્પતિઓથી ભરપૂર છે, દક્ષિણ ગુજરાતમાં વિદ્યમાન જંગલોમાં કંદ–મૂળ તેમજ ઔષધિઓથી ભરપૂર છે. આ વનૌષધિય જ્ઞાન ને વિશાળ ફલક પર લઈ જવા માટેના આ પ્રયાસને બિરદાવતા આવા કાર્યક્રમો વધુ પ્રમાણમાં કરી પરંપરાગત આદિવાસી વૈદ્ય ભગતોને પ્રોત્સાહિત કરવાની કામગીરી કરવા માટે સૂચન કરેલ.




**અધ્યક્ષીય ઉદ્દબોધન કરતા અને પરંપરાગત આદિવાસી વૈદ્ય–ભગતોને માર્ગદર્શિત કરતા ડૉ. મહેશભાઇ ગામીત, અધ્યક્ષ, સમાજમાનવશાસ્ત્રિય વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**

# આભાર વિધિ

આદિવાસી સંશોધન સંસ્થા, ગુજરાત દ્વારા આયોજીત "પરંપરાગત આદિવાસી વનૌષધિય ચિકિત્સા પદ્ધતિને પ્રોત્સાહન પ્રોજેક્ટ" અંતર્ગત "પરંપરાગત આદિવાસી વૈદ્ય–ભગતોને તાલીમ" કાર્યક્રમના ઉદ્ઘાટન કાર્યક્રમના ભાગરૂપે મંચસ્થ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા, ઉપસ્થિત તજજ્ઞો રાજ્યના આદિવાસી વિસ્તારમાંથી આવેલ પરંપરાગત વૈદ્ય–ભગતોને વિવિધ વિષયો પર તાલીમ અને માર્ગદર્શન પુરુ પાડવાના છે. જે બદલ આદિવાસી સંશોધન સંસ્થા, ગુજરાત તરફથી પ્રોજેક્ટના સંચાલક શ્રી ભરતસિંહ ગોહિલ–પ્રોજક્ટ ઓફિસર દ્વારા ઉદ્ઘાટન કાર્યક્રમના અધ્યક્ષશ્રી ડૉ. મહેશભાઇ ગામીત સાહેબ, તજજ્ઞ શ્રી અરૂણભાઇ પટેલ સાહેબ, તજજ્ઞ શ્રી જશવંતસિંહ રાઠોડ સાહેબ, તજજ્ઞ શ્રી એમ. બી. રાઠોડ સાહેબ અને આ તાલીમ કાર્યક્રમના દિશા સૂચક ડૉ. દેવચંદ વહોનિયાજી નો આભાર વ્યક્ત કર્યો.






# વક્તા પરિચય

## સંચાલક : શ્રી ભરતસિંહ ગોહિલ – પ્રોજેક્ટ ઓફિસર

### ૧. શ્રી અરૂણભાઇ પટેલ–નિવૃત્ત સંશોધન અધિકારી, TRTI

શ્રી અરૂણભાઇ પટેલ, હાલમાં TRI, Gujarat ખાતે રિસર્ચ કન્સલ્ટન્ટ તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમણે Statistics વિષય સાથે M.Sc. તથા Social Anthropological વિષય સાથે M. Phil. કર્યુ છે. અત્યાર સુધીમા તેમના બે પુસ્તકો પ્રકાશિત થયા છે, વિવિધ સામયિકોમા ૨૨ લેખો પ્રસિદ્ધ થઇ ચૂક્યા છે. આદિવાસી સમાજ પરના ૨૮ સંશોધન અભ્યાસો કર્યા છે. તેમજ ૨૭ લેખો લખ્યા છે. ૯ વર્ષના અધ્યાપન કાર્યનો અનુભવ ધરાવે છે. વનૌષિય ચિકિત્સા પદ્ધતિ પર તેમણે આહાર–આરોગ્ય અને ઔષધ પુસ્તક પ્રકાશિત કરેલ છે.

### ૨. શ્રી એમ. બી. રાઠોડ –નિવૃત્ત સબ ડી.એફ.ઓ.

શ્રી એમ. બી. રાઠોડ, સાલ ૧૯૭૭ થી વનૌષધિય અને ગૌણ વન પેદાશ વિષય પર રસ પૂર્વક કામગીરી કરી કુલ ૪૪ વર્ષનો અનુભવ ધરાવે છે. તેઓએ ગુજરાત સ્ટેટ ફોરેસ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન માં ડિવિઝિનલ મેનેજર તરીકે ફરજ બજાવેલ છે. તેઓએ વનૌષધિય અને ગૌણ વન પેદાશો પર ૧૦ થી વધુ પ્રોજેક્ટ વર્ક કર્યા છે. છેલ્લા ૩ વર્ષથી Tribal Sub Plan Area હેઠળના લાભાર્થીઓને FRA અંતર્ગત આપવામાં આવતી તાલીમમાં તજજ્ઞ તરીકે જોડાયેલા છે.

### ૩. શ્રી જશવંતસિંહ રાઠોડ– નિવૃત્ત સંશોધન અધિકારી, TRTI

શ્રી જશવંતસિંહ રાઠોડ, TRTI ખાતે કામગીરી દરમ્યાન તમામ આદિજાતિ જિલ્લાઓમાં ઉપલબ્ધ વનૌષધિ ઉપર રસ પૂર્વક કામગીરી કરી તેને ઉજાગર કરવાની ઉમદા કામગીરી કરેલ છે. જેના થકી આજે આ વૈદ્ય–ભગતોને આપણે ઓળખી શક્યા. તેઓની સાથે સંપર્ક સ્થાપિત કરી શક્યા અને આજે એ આપણી સામે બેઠા છે. તેઓએ દાહોદ પૂન: સ્થાપન કાર્યક્રમમાં ઘણી ઉમદા કામગીરી કરેલ છે. વનૈષધિય જ્ઞાન અને ગૌણ વન પેદાશો ની સાથે–સાથે ફોરેસ્ટ રાઇટ એક્ટ એટલે કે વન અધિકાર અધિનિયમ મૂલ્યાંકન અભ્યાસ હાથ ધરી વન માં વસતા વનૌષધિય ચિકિત્સા પદ્ધતિ સાથે સંકળાયેલા વૈદ્ય–ભગતો ને ખૂબજ નજીક થી જાણવાનો પ્રયાસ કરેલ.

## વિષય –૧ : વનૌષધિય ચિકિત્સા પદ્ધતિ

### વક્તા : શ્રી અરૂણભાઇ પટેલ

શ્રી અરૂણભાઇ પટેલ દ્વારા વનૌષધિય ચિકિત્સા પદ્ધતિ વિશે વાત કરતા જણાવ્યું કે, આદિવાસીઓમાં વનસ્પતિઓનો મહત્તમ ઉપયોગ થાય છે. આહારમાં મોટા ભાગની ભાજીઓ– ૧૨૦ પ્રકારની હોય છે. જેનો ઉપયોગ ચટણી બનાવીને કરી શકાય છે. કંદમૂળોનો ઉપયોગ મોટા પ્રમાણમાં પરંપરાગત આદિવાસી ચિકિત્સા પદ્ધતિમાં કરવામાં આવે છે. આદિવાસી વિસ્તારમાં વિદ્યમાન ફળ અને ફુલનો ઉપયોગ પણ આમા કરવામાં આવે છે.








**આદિવાસી વૈદ્ય–ભગતોને વનૌષધિય ચિકિત્સા પદ્ધતિ વિશે માર્ગદર્શન અને જાણકારી આપતા તજજ્ઞ શ્રી અરૂણભાઇ પટેલ સાહેબ**

## વિષય –૨ : વનૌષધિની વૈજ્ઞાનિક સમજ અને ઉપયોગ

### વક્તા : શ્રી જશવંતસિંહ રાઠોડ

શ્રી જશવંતસિંહ રાઠોડ દ્વારા વનૌષધિઓની વૈજ્ઞાનિક સમજ વિશે વાત કરતાં જણાવ્યું કે, આદિજાતિ વિસ્તારમાં મોટા ભાગની વનસ્પતિઓ અને ગૌણ વન પેદાશો મળી આવે છે. તેમજ તેનો ઉપયોગ પણ આદિવાસી લોકો દ્વારા મોટા પાયે કરવામાં આવે છે. તેમણે જણાવ્યું કે, ઔષધિ જીવંત છે તેથી તેનો વૈજ્ઞાનિક રીતે ઉપયોગ થવો ખૂબજ જરૂરી છે. ડાંગના ગાઢ જંગલોમાં વિદ્યમાન વનૌષધિ જન–સામાન્ય માટે ખૂબજ ઉપયોગી છે. વનૌષધિ જેટલી ઉપયોગી છે, એટલી ઘાતક પણ છે, જો તેનો યોગ્ય વૈજ્ઞાનિક રીતે ઉપયોગ ના કરવામાં આવે. જેથી ઉપલબ્ધ વનૌષિઓનો વૈજ્ઞાનિક પદ્ધત્તિથી જરૂરીયાત મુજબ નો યોગ્ય માત્રામા ઉપયોગ કરવો જરૂરી છે. તેઓએ એક સુંદર ઉદાહરણ આપી સમજાવ્યું કે, જો ગરમ પાણીમાં મઘ નાખીને સવારે પીવામાં આવે તો વજન ઘટે અને જો એજ મઘને ઠંડા પાણી સાથે લેવામાં આવે તો વજન વધે. આમ તમામ વનૌષધિઓને તેના ગુણધર્મોના આધારે ઉપયોગમાં લેવી ખૂબજ જરૂરી છે. વનૌષધિની ખરાઇ કરી તેનો ઉપયોગ કરવો તેમજ જરૂરીયાત મુજબની માત્રા દર્દી ને દેવા માટે હાજર તમામ તાલીમાર્થી અને વૈદ્ય–ભગતોને જણાવ્યું.




**આદિવાસી વૈદ્ય–ભગતોને વનૌષધિની વિજ્ઞાનિક સમજ અને ઉપયોગ વિશે માર્ગદર્શન અને જાણકારી આપતા તજજ્ઞ શ્રી જશવંતસિંહ રાઠોડ સાહેબ**

## વિષય –૩ : વનૌષધિની ઓળખ, ઉપલબ્ધતા અને ઉપયોગ

### વક્તા : ડૉ. એમ. બી. રાઠોડ

ડૉ. એમ. બી. રાઠોડ દ્વારા વનૌષધિઓની ઓળખ, ઉપલબ્ધતા અને ઉપયોગ વિશે વાત કરતા જણાવ્યુ કે, વનસ્પતિ ઘણા પ્રકારની આવે છે. વનસ્પતિ વૃક્ષ, વેલ, છોડ, ઝાડ, ફળ, ફૂલ, કંદ–મૂળ વિગેરે સ્વરૂપે મળી આવે છે. આદિજાતિ વિસ્તારમાં વિવિધ સ્વરૂપે વનૌષધિઓનો વિશાળ ભંડાર ઉપલબ્ધ છે. જેનાથી આજ તથા આવતી કાલની પેઢીઓનું સ્વાસ્થ્ય સુદ્રઢ બની રહે તેવી ગુણવત્તા સમાયેલી છે. આ તમામ પ્રકારની વનસ્પતિઓમાં એક વિશેષ ગુણ રહેલો હોય છે, જેનો પારંપારિક ચિકિત્સા પદ્ધતિમાં ઉપયોગ કરવામાં આવે છે. વનસ્પતિઓના રહેલ આ વિશેષ ગુણ ને જાણવો ખૂબજ જરૂરી છે. જે અહી આ તાલીમ માં આવેલ મોટા ભાગના વૈદ્ય–ભગતો જાણે જ છે. પરંતુ અમુક હજી જાણતા નથી. જેના લિધે દર્દીને આપવામાં આવેલ દવાની અસર ઓછી અથવા આડ–અસર થાય છે. વન–વિસ્તારમાં ગૌણ –વન પેદાશોના એકત્રિકરણ ના કાર્યક્રમો ચાલે છે. જેમા મોટા પાયે સખી મંડળો દ્વારા વન–વગડામાં જઈ ને વનૌષધિને એકત્ર કરવામાં આવે છે. વનૌષધિને એકત્ર કર્યા બાદ તેને પ્રોસેસ કરવી ખૂબજ જરૂરી છે. એક ખાસ પદ્ધતિ દ્વારા તેને પ્રોસેસ કરવામાં આવે છે. ત્યાર બાદ જ તેનો ઉપયોગ કરવામાં આવે છે, તેવુ જણાવેલ.



**આદિવાસી વૈદ્ય–ભગતોને વનૌષધિની ઓળખ, ઉપલબ્ધતા અને ઉપયોગ વિશે માર્ગદર્શન અને જાણકારી આપતા તજજ્ઞ ડૉ. એમ. બી. રાઠોડ સાહેબ**

# તાલીમાર્થી પરિચય : ઈન્ટવ્યુ

### સંચાલક : ડૉ. દેવચંદ વહોનિયા – ક્ષેત્ર મદદનીશ
### શ્રી ભરતસિંહ ગોહિલ – પ્રોજેક્ટ ઓફિસર

ઉક્ત ત્રણ વિષયો પર માર્ગદર્શન અને તાલીમ મેળવ્યા બાદ ભોજન લેવામાં આવ્યુ અને ત્યાર બાદ સદર તાલીમ કાર્યક્રમમાં હાજર તમામ તાલીમાર્થીઓનો વ્યક્તિગત પરિચય અને અનુભવ કથનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. પોતાના વ્યક્તિગત પરિચય માં તમામે પોતાનુ પુરૂ નામ, સરનામુ તેમજ સંસ્થા સાથે જોડાયેલા સમય અને વનૌષધિય ચિકિત્સા પદ્ધતિ સાથે જોડાયા સમય અને પોતાના અનુભવો જણાવ્યા. સાથે –સાથે સરકાર પાસેથી આ યોજનાને લઈને સદર તાલીમના માધ્યમથી અપેક્ષાઓ અને માંગણીઓ પણ જણાવી. આ તમામ બાબતોને ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફીના માધ્યમથી ડોક્યુમેન્ટેશન કરી સંગ્રહિત કરવામા આવેલ.









# પૂર્ણાહૂતિ

### સંચાલક : શ્રી ભરતસિંહ ગોહિલ – પ્રોજેક્ટ ઓફિસર

આદિવાસી સંશોધન સંસ્થા, ગુજરાત દ્વારા આયોજિત પરંપરાગત આદિવાસી વનૌષધિય ચિકિત્સા પદ્ધતિને પ્રોત્સાહન પ્રોજેક્ટ અંતર્ગત એક દિવસીય "પરંપરાગત આદિવાસી વૈદ્ય–ભગતોને તાલીમ" કાર્યક્રમના અંતે તમામ હાજર મહાનુભાવો, તજજ્ઞશ્રીઓ, તાલીમાર્થીઓ અને પરંપરાગત વનૌષધિય ચિકિત્સા પદ્ધતિ સાથે જોડાયેલા **કુલ ૪૨ વૈદ્ય–ભગતો** તેમજ આ તાલીમ કાર્યક્રમને સફળ બનાવવામાં શરુઆતથી માર્ગદર્શક રહેલ આદિવાસી સંશોધન સંસ્થાના અધિકારી ડૉ. દેવચંદ વહોનિયા સાહેબશ્રી તેમજ આ કાર્યક્રમમાં મદદરૂપ થયેલ આદિવાસી સંશોધન સંસ્થાના તમામ કર્મચારી ગણનો આભાર વ્યકત કરી આ તાલીમ કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવેલ.




**ઉદ્દઘાટન કાર્યક્રમના અધ્યક્ષ માન. ડૉ. મહેશભાઇ ગામીત સાહેબ, તજજ્ઞ શ્રી અરૂણભાઇ પટેલ સાહેબ, શ્રી એમ. બી. રાઠોડ સાહેબ, શ્રી જશવંતસિંહ રાઠોડ સાહેબ અને TRI, Gujarat ના અધિકારીશ્રી ડૉ. દેવચંદ વહોનિયા તાલીમાર્થીઓ સાથે ...**











Tribal Research Institute, Gujarat
બિરસા મુંડા ભવન, ગાંધીનગર
દ્વારા આયોજિત
પરંપરાગત આદિવાસી વનૌષધિય ચિકિત્સા પદ્ધતિને પ્રોત્સાહન પ્રોજેક્ટ
અંતર્ગત
“પરંપરાગત આદિવાસી વૈદ્ય-ભગતોને તાલીમ”
તારીખ : ૨૨/૧૦/૨૦૨૧